11.05.2020

**<u>પ્રેસ રીલીઝ</u>**

નવી દિલ્હી, તારીખ: **11** મે **2020**

# <u>એનએચએસઆરસીએલ વિડીયો કોન્ફરન્સિંગ મારફત ગુજરાત અને દાદરા અને નગર હવેલીમાં 14 બ્રિજનાં બાંધકામ માટેનાં કરારો માટેની બિડ-પૂર્વેની સભાઓ સહિત ત્રણ ઓનલાઇન બિડ-પૂર્વેની સભાઓ હાથ ધરે છે</u>

કોવિડ-19 (COVID-19) ને કારણે લોકડાઉન સમયગાળામાં નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા અમલમાં મૂકવામાં આવી રહેલા મુંબઇ-અમદાવાદ હાઇ સ્પીડ રેલ પ્રોજેક્ટની ગતિ જાળવી રાખવા માટે, ત્રણ સક્રિય ટેન્ડરો માટે આજે વિડીયો કોન્ફરન્સિંગ મારફત ઓનલાઇન બિડ-પૂર્વેની સભાઓ યોજવામાં આવી હતી. આ સભાઓનો મુખ્ય ધ્યેય સંભવિત બિડરો તેઓનાં અંતિમ બિડિંગ દસ્તાવેજો સબમિટ કરે તે પહેલા તેઓની શંકાઓ પર સ્પષ્ટતા કરવાનો હતો.

ઓનલાઇન બિડ-પૂર્વેની સભાઓને અસાધારણ પ્રતિભાવ મળ્યો હતો અને વિવિધ બાંધકામ કંપનીઓ, જાપાનથી જેઆઇસીસીનાં સભ્યો, એનએચએસઆરસીએલનાં સીનિયર અધિકારીઓ અને ગુજરાતમાં આવેલી એનએચએસઆરસીએલની સાઇટ ઓફિસોનાં ચિફ પ્રોજેક્ટ મેનેજરોએ હાજરી આપી હતી. ભાવિ બિડરોએ ઓનલાઇન બિડ-પૂર્વેની સભાઓ મારફત કરારો સંબંધિત તેઓનાં સવાલો પર સ્પષ્ટતા કરવા એનએચએસઆરસીએલ દ્વારા કરવામાં આવેલા પ્રયાસોની પ્રસંશા પણ કરી હતી.

નીચેના ત્રણ કરારો માટે બિડ-પૂર્વેની સભાઓ હાથ ધરવામાં આવી હતી:

1) **MAHSR-P-1(B) :** મુંબઇ-અમદાવાદ હાઇ સ્પીડ રેલનાં નિર્માણ માટેનાં પ્રોજેક્ટ માટે ગુજરાત રાજ્ય અને દાદરા અને નગર હવેલી કેન્દ્રશાસિત પ્રદેશમાં મહારાષ્ટ્ર-ગુજરાત સરહદ પરનાં ઝારોલી ગામ (એમએએચએસઆર કિમી 156.600) અને વડોદરા (એમએએચએસઆર કિમી 393.700) વચ્ચે ડબલ લાઇન હાઇ સ્પીડ રેલ્વે માટેનાં 02 નં. પીએસસી બ્રિજ (જીએડી 9 અને 1441) અને 07 નં. સ્ટીલ ટ્રુસ બ્રિજ (જીએડી 68, 1134, 12, 61, 14, 15 અને 62) માટે બ્રિજનું બાંધકામ [સ્ટીલ ટ્રુસ ગર્ડરોનાં ફેબ્રિકેશન અને પરિવહનનો સમાવેશ થતો નથી].

2) **MAHSR-P-1(C):** મુંબઇ-અમદાવાદ હાઇ સ્પીડ રેલનાં નિર્માણ માટેનાં પ્રોજેક્ટ માટે ગુજરાત રાજ્યમાં વડોદરા (એમએએચએસઆર કિમી 401.898) અને અમદાવાદ (એમએએચએસઆર કિમી 489.467) વચ્ચે ડબલ લાઇન હાઇ સ્પીડ રેલ્વે માટેનાં 01

નં. પીએસસી બ્રિજ (જીએડી 33) અને 04 નં. સ્ટીલ ટ્રસ બ્રિજ (જીએડી 28, 1967, 31, અને 32) માટે બ્રિજનું બાંધકામ [સ્ટીલ ટ્રસ ગર્ડરોનાં ફેબ્રિકેશન અને પરિવહનનો સમાવેશ થતો નથી].

3) **MAHSR P-4(X) અને MAHSR P-4(Y):** મુંબઇ-અમદાવાદ હાઇ સ્પીડ રેલનાં નિર્માણ માટેનાં પ્રોજેક્ટ માટે બે (2) પેકેજીસમાં [MAHSR P-4(X) અને MAHSR P-4(Y)] રસ્તાઓ / નદીઓ / રેલ્વે / અન્ય માળખાઓનાં ક્રોસિંગ માટે હાઇ સ્પીડ રેલ કોરિડોર માટે બિયરિંગ માટે 33 નં. બ્રિજ સાથે વર્કશોપ પર પ્રોક્યોરમેન્ટ, ફેબ્રિકેશન, ચેક-એસેમ્બલી પેઇન્ટિંગ અને સ્ટીલ ટ્રસ સુપરસ્ટ્રક્ચરોનાં વિવિધ બ્રિજ સ્થળો પર પરિવહન.

લોકડાઉન હોવા છતા, મુંબઇ-અમદાવાદ હાઇ સ્પીડ રેલ પ્રોજેક્ટ સંબંધિત પ્રોજેક્ટને લગતા કાર્યો કોઇપણૅં વિલંબો વગર હાથ ધરવામાં આવી રહ્યાની ખાતરી કરવા માટે હેડ ઓફિસ અને પ્રોજેક્ટ સાઇટ ઓફિસોમાં રહેલી એનએચએસઆરસીએલ ટીમો ઓનલાઇન કામ કરી રહી છે. પ્રોજેક્ટની પ્રગતિ પર દેખરેખ રાખવા માટે નિયમિત સમીક્ષા સભાઓ પણ યોજવામાં આવી રહી છે.

આવા મુશ્કેલ સમયમાં સપોર્ટ ઑફર કરવામાં સતત ગતિશીલતાની ખાતરી કરવામાં પોતાનાં હિતધારકો સાથે સંપર્કમાં રહેવા માટે એનએચએસઆરસીએલ દ્વારા ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. બિડ દસ્તાવેજોનું ફાઇનલાઇઝેશન, માળખાઓની આર્કિટેક્ચરલ ડીઝાઇમો અને ડ્રોઇંગ વગેરે જેવા પ્રોજેક્ટ સંબંધિત કાર્યો ફાઇનલાઇઝ કરવામાં આવી રહ્યા છે. ક્ષમતા અને કૌશલ્ય નિર્માણ સંબંધિત તાલીમ પ્રોગ્રામો પણ આઇટી સોલ્યુશનો મારફત હાથ ધરવામાં આવી રહ્યા છે.

*********